પાર્લેપોઇન્ટ ફ્લાયઓવરને મળ્યો અનોખો ઓપ...

■ હાલમાં વરસાદ પડી રહ્યો છે ત્યારે છત્રી રાહદારીની સૌથી મોટી સાથી હોય છે, તો હવે નવરાત્રિના જુદા જુદા સ્ટેપ્સમાં પણ ખેલૈયાઓ છત્રીનો ઉપયોગ કરે છે પરંતુ પાર્લેપોઇન્ટના ફ્લાયઓવર બ્રિજને સુરત મહાનગર પાલિકાએ અનોખો ઓપ આપ્યો છે. રંગબેરંગી છત્રીઓને એવી રીતે સજાવવામાં આવી છે કે ફ્લાયઓવર બ્રિજને નજીવા ખર્ચમાં ચાર ચાંદ લાગી ગયા છે.

કતારગામમાં ચારિત્ર ઉપર શંકા બાબતે પત્ની ઝઘડો થતાં કાપડ દલાલનો આપઘાત

શહેરના કતારગામ ખાતે નારાયણનગરમાં રહેતા 47 વર્ષીય આશીષભાઇ અરવિંદલાલ પટેલવાળા કાપડની દલાલી કરતા હતા. શનિવારે બપોરે આશીષભાઈનો પત્ની સાથે ઝઘડો થયો હતો. આશીષને પત્નીના ચારિત્ર બાબતે શંકા હોવાથી અવાર નવાર ઝઘડો થતો હતો. ગઈકાલે પણ પત્ની ઉપર ખોટો વહેમ રાખવા બાબતે બોલાચાલી થઈ હતી. જે વાતનું માઠું લાગાડી સેન્ટીંગનો તાર બાંધી આપઘાત કરી લીધો હતો. ઘરની નીચે જ દુકાન ધરાવતા હોવાથી પરિવારના સભ્યો નીચે જતા રહ્યા હતા. બાદમાં આશીષની માતા ઉપર આવતા દરવાજો અંદરથી બંધ હતો. જેથી આશીષની પત્નીને બોલાવતા દરવાજો તોડીને જોયું તો તેને ગળે ફાંસો ખાધેલી હાલતમાં જોયો હતો. કતારગામ પોલીસે આ અંગે વધારે તપાસ હાથ ધરી છે. વધુમાં તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

સ્કૂલની રિક્ષા ડ્રાઇવરે જ ધોરણ-12ની વિદ્યાર્થિનીની છેડતી કરી

રિક્ષા ડ્રાઇવરે અવાર નવાર પીછો કરી પ્રેમ સંબંધ બાંધ્યા હતાં

અઠવા પોલીસે છેડતીની ફરિયાદ નોંધી વધારે તપાસ હાથ ધરી

સુરતઃ શહેરના ભંડારીવાડમાં રહેતા અને સ્કૂલ રિક્ષાની વરદી મારતા યુવકે રિક્ષામાં લઇ જતી ધોરણ-12 ની વિદ્યાર્થીનીની છેડતી કરી હતી. વિદ્યાર્થીનીની માતાને જાણ થતાં અઠવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

શહેરના સગરામપુરા ખાતે ભંડારીવાડમાં રહેતો 24 વર્ષીય સાગર પ્રફુલભાઇ બકરિયા હાલ નાસ્તાની લારી ચલાવે છે. થોડા મહિના પહેલા તે સ્કૂલ રિક્ષાની વરદી મારવાનું કામ કરતો હતો.

સાગરના પિતા પણ વર્ષોથી સ્કૂલની વરદી મારવાનું કામ કરે છે. પરંતુ ત્રણેક વર્ષથી તેમનું કામ પુત્રએ સંભાળી લીધું હતું. સાગરના ઘર નજીક રહેતી ધોરણ-12 માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પહેલા ધોરણથી સાગરના પિતાની રિક્ષામાં આવજાવ કરે છે. છેલ્લા ત્રણેક વર્ષથી સાગરની સાથે સંપર્કમાં આવી હતી. સાગર વિદ્યાર્થીનીને સ્કુલમાં મુકવા લાવવા રિક્ષામાં લઈ જતો અને અવાર નવાર તેનો પીછો કરતો હતો. વિદ્યાર્થીની સાથે પ્રેમ સંબંધ બાંધ્યા હતા. અઠવા પોલીસે છેડતીની ફરિયાદ નોંધી વધારે તપાસ હાથ ધરી છે.

શહેરમાં કોરોનાએ ફરી વેગ પકડ્યો ? એક્ટિવ કેસની સંખ્યા એક માસમાં ડબલ થઇ

24 ઓગષ્ટ સુધીમાં એક્ટિવ કેસ ઘટતા ઘટતા માત્ર 36 થઇ ગયા હતા, જે 26 સપ્ટેમ્બરના રોજ 65 પર પહોંચી ચુક્યા છે

શહેરમાં કોરોનાના વધુ પાંચ દર્દી નોંધાયા

સુરતઃ શહેરમાં કોરોનાનું સંક્રમણ ધીમી ગતિએ વધી રહ્યું છે. શનિવારે શહેરમાં કોરોનાના વધુ 5 કેસ નોંધાયા હતાં. જેમાં ઉધના ઝોનમાં એક, રાંદેર ઝોનમાં 2 તેમજ અઠવા ઝોનમાં 2 કેસ નોંધાયા હતાં. શહેરમાં તહેવારો બાદ કોવિડ કેસમાં આંશિક વધારો થઈ રહ્યો છે. તેમજ વેક્સિન લીધા બાદ પણ લોકો કોરોનાની ચપેટમાં આવી રહ્યા છે. આથી શહેરીજનો કોવિડ ગાઇડલાઇનનું યોગ્ય રીતે પાલન કરે એ માટે તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.



સુરત : શહેરમાં ફરી કોરોનાનો સળવળાટ વધી રહ્યો છે. મહાનગર પાલિકાનો આરોગ્ય વિભાગ વધુ સતર્ક બન્યો છે. શહેરમાં પર્યુષણ અને ગણપતિના તહેવારો બાદ કોરોનાના રોજીંદા દર્દીઓમાં આશિંક વધારો થઇ રહ્યો છે. જે આવનારા તહેવારોની ઉજવણી માટે લાલબત્તી સમાન છે. હવે ચિંતાનો વિષય એ પણ છે કે એક બાજુ વેક્સિન મુકાવી ચુક્યા હોય તેવા લોકોને પણ ચેપ લાગી રહ્યો છે. તો બીજી બાજુ લોકો બેદરકાર બનીને ગાઇડલાઇનને કોરાણે મુકવા માંડ્યા છે. કદાચ તેનું જ પરિણામ છે કે, એક માસ પહેલા શહેરમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો 40થી નીચે ચાલ્યો ગયો હતો તે હવે ફરી 60ની ઉપર પહોંચી ગયો છે.

સુરત મનપાના રેકોર્ડ મુજબ ગત તારીખ 24મી ઓગષ્ટના રોજ શહેરમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટીને માત્ર 36 થઇ ગયા હતા પરંતુ ત્યાર બાદ પર્યુષણ અને ગણપતિ ઉત્સવ ઉજવાયા, જેમાં લોકો ભીડમાં જોવા મળ્યા અને કોરોનાની ગાઇડલાઇનનું પણ પાલન થયું ન હતું, તેથી રોજના જે બે-ત્રણ કેસ નોંધાતા હતા તે હવે રોજ સાત-આઠ થવા માંડ્યા છે. અને ગત 24મી સપ્ટેમ્બરના રોજ એક્ટિવ કેસ 36 નોંધાયા બાદ 26મી સપ્ટેમ્બરના રોજ આ કેસ વધીને 65 પર પહોંચી ગયા છે. જે આવનારા તહેવારોની ઉજવણી માટે લાલબત્તી સમાન છે.

આજે સુરત મનપાની સામાન્ય સભામાં ખાડા, ગંદકી, મચ્છરોના મુદ્દા ગાજશે

સુરતઃ સોમવારે સુરત મનપાની સામાન્ય સભા છે. સુરત મનપાની ચૂંટણીમાં આ વખતે વિપક્ષ તરીકે ચૂંટાઇ આવેલા આમ આદમી પાર્ટીના 27 નગરસેવકો જ્યારથી સામાન્ય સભામાં આવતા થયા છે, ત્યારથી દર વખતે સામાન્ય સભાના દિવસે મનપાની મુખ્ય કચેરી જાણે પોલીસ છાવણીમાં ફેરવાઈ જાય છે. સોમવારે મળનારી સામાન્ય સભામાં વિપક્ષ દ્વારા શહેરમાં ઠેર-ઠેર રસ્તાઓ પર પડેલા ખાડાઓ મુદ્દે શાસક પર પસ્તાળ પડે તેવી શક્યતા છે, તે ઉપરાંત શહેરમાં આ વર્ષે ચોમાસા દરમિયાન ગંદકી તેમજ ગંદા પાણીની સમસ્યા તેમજ મચ્છરોનો ઉપદ્રવ મુદ્દે પણ વિપક્ષ દ્વારા પ્રહારો કરવામાં આવશે. સાથે સાથે સ્થાયી સમિતિ અધ્યક્ષ દ્વારા દર વખતે સ્થાયી સમિતિમાં જે રીતે મળતિયાઓને લ્હાણી કરાવવામાં આવી રહી છે. તે મુદ્દાઓ પણ ગાજશે. ઉપરાંત સુરત ટેક્સટાઇલ માર્કેટની લીઝ રીન્યું કરવા મુદ્દે વિપક્ષ દ્વારા કાર્ટમાં અપીલ કરાઇ હોય આ મુદ્દે પણ શાસકો પર પ્રહારો થાય તેવી શક્યતા છે.

સામી દિવાળીએ ઉઠમણાંથી બચવા માટે કાપડના વેપારીઓ ઉધાર માલ નહીં આપે

સુરત મર્કન્ટાઇલ એસોસિએશન દ્વારા કાપડના વેપારીઓ સાથે બેઠક યોજાઇ

140 વેપારીઓના ફસાયેલા પેમેન્ટ મામલે 15 કિસ્સામાં સમાધાન થયું

સુરતઃ 'કોરોનાની પહેલી અને બીજી લહેર પછી શહેરની કાપડ માર્કેટોમાં ઉઠમણાનું પ્રમાણ વધ્યું છે, બહારગામના વેપારીઓમાં પણ સુરતના કાપડના વેપારીઓનું 1000 કરોડનું પેમેન્ટ ફસાયું છે. ત્યારે સામી દિવાળીએ આ પ્રકારના ઉઠમણાથી બચવા ઉધારમાં વેપાર નહીં કરવા સૂચન કર્યું હતું જેને વેપારીઓએ આવકાર આપ્યો છે. મર્કન્ટાઇલ એસો. દ્વારા પ્રત્યેક રવિવારે ફસાયેલા પેમેન્ટ અંગે સમાધાન બેઠક યોજવામાં આવે છે. આજે યોજાયેલી બેઠકમાં 140 વેપારીઓએ તેના પેમેન્ટ ફસાયા હોવાની ફરિયાદ કરી હતી. જેમાંથી 15 વેપારીઓની ફરિયાદનું સમાધાન તરત જ કરવામાં આવ્યું હતું.

કોરોનાની પહેલી અને બીજી લહેર બાદ ટેક્સટાઈલ ઉદ્યોગ ધીમે ધીમે પાટા પર ચઢી રહ્યો છે ત્યારે ઉઠમણાં અને ચિટિંગોના બનાવો પણ વધી રહ્યા છે. એસએમએના પ્રમુખ નરેન્દ્ર સાબુએ જણાવ્યું હતું કે માર્કેટમાં ટકી રહેવા માટે ક્વોલિટી ડિઝાઈન, વેરાયટી અને ફેશન પ્રમાણે કપડાની માંગ પ્રમાણે વેપારીઓને અપગ્રેડ થવા માટે સલાહ આપવામાં આવી છે. સાથે સાથે વેપારીઓને માત્ર ઓફલાઈન જ નહીં પરંતુ ઓનલાઈન વેપાર કરવા માટે પણ પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું.

સંક્ષિપ્ત સમાચાર

મોબાઈલ, ઈન્ટરનેટ, ફેસબુકે ઘર-ઘરમાં હોળી સળગાવી છે: પદ્મદર્શન મહારાજ

સુરતઃ વેસુ સમસ્ત જૈન સંઘમાં પદ્મદર્શનવિજયજી મહારાજની નિશ્રામાં ત્રિરવિવારીય જીવન શણગાર શિબિરનો સંગીતની સુરાવલી સાથે પ્રારંભ થયો હતો. પ્રથમ શિબિરના લાભાર્થી સુરેશ સવાણી ધાનેરાના હસ્તે દીપ પ્રાગટ્ય થયું હતું. આ પ્રસંગે પદ્મદર્શન મહારાજે 'હું શ્રમણોપાસક તો બનું' એ વિષય પર પ્રવચન આપતા જણાવ્યું હતું કે, પ્રભુના શાસનરૂપી રથના બે પૈડા છે. શ્રમણ અને શ્રાવક. પ્રત્યેક શ્રાવકનો આદર્શ શ્રમણનો હોવો જોઈએ. શ્રમણ બનવાનું સત્વ ન હોય તો છેવટે સાચા શ્રાવક તો અવશ્ય બનવું જોઈએ. અત્યારે વર્તમાનના પલટાતા પ્રવાહમાં શ્રાવકપણું જોખમમાં છે. ન્યાય, નીતિ અને સદાચારોના ક્ષેત્રે સુપડા સાફ થઈ રહ્યા છે. મોબાઈલ, ઈન્ટરનેટ, ફેસબુક, વોટસએપ, ઈન્સ્ટાગ્રામના દુરૂપયોગે અત્યાચાર, અનાચાર અને વ્યભિચારના વાવાઝોડાએ ઘર-ઘરમાં હોળી સળગાવી છે.

અલથાણ સોહમ સર્કલ પાસે સફાઇ કામદારની હત્યા

સુરતઃ સોહમ સર્કલ પાસે લાંબા સમયથી ખાણીપીણીની લારી ચાલે છે. જ્યાં મુકેશ માનસીંગ નામનો યુવક સફાઇ કામદાર તરીકે કામ કરે છે. ત્યાંજ સમોસાની લારી ચલાવતા ટુનટુન સાથે આજે બોલાચાલી થઈ હતી. ટુનટુને કચરો પાડતા મુકેશે જ્યાદા કચરા ક્યુ ગીરાતા હૈ કહેતા બંને વચ્ચે ઝપાઝપી થઈ હતી. જેમાં ટુનટુને મુકેશનું ગળું દબાવતા તે બેભાન થઈ હતો. તેને નવી સિવિલમાં ખસેડાતા તબીબી તપાસીને મૃત જાહેર કર્યો હતો. ખટોદરા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી વધારે તપાસ હાથ ધરી છે.

પીપલોદમાં પરિવાર મરણવિધીમાં પુણા ગયો અને તસ્કરોએ ફ્લેટમાંથી 78 હજારની ચોરી કરી

સુરતઃ પીપલોદ ખાતે કંચેશ્વર એપાર્ટમેન્ટમાં રહેતી 44 વર્ષીય સોનલબેનના પતિ મહેશભાઇ પટેલ સચીન ખાતે એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરે છે. પખવાડિયા પહેલા મહેશભાઇના બનેવીનું અવસાન થયું હતું. 22 સપ્ટેમ્બરે સાંજે તેઓ પરિવાર સાથે મુળ ગામ પુના ગયા હતાં. જ્યાં બારમા અને તેરમાની વિધી પતાવીને આવ્યા હતા. દરમિયાન ગઇકાલે સવારે તેમના પડોશી મંદાબેને ફોન કરીને ફ્લેટનું તાળુ તુટેલી હાલતમાં હોવાની જાણ કરી હતી. જેથી બપોરે સોનલબેન અને તેમના પતિ ઘરે આવી ગયા હતાં. ઘરે આવીને જોતા સોનાની ચેઇન, વીંટીઓ, બુટ્ટી, ત્રણ ટાઇટેન કંપનીની ઘડિયાળ મળી કુલ 78 હજારના મત્તાની ચોરી કરી થઈ હોવાનું સામે આવ્યું હતું. ઉમરા પોલીસે ચોરીની ફરિયાદ નોંધી વધારે તપાસ હાથ ધરી છે.

ડાયમંડ બુર્સમાંથી કોપરના વાયર ચોરીમાં ત્રણ પકડાયા

સુરતઃ મૂળ ભાવનગરનો વતની અને સુરતમાં ડુંડીગામમાં અનુપમ સિટીમાં રહેતા 26 વર્ષીય હિમાંશુ કનૈયાલાલ ભટ્ટે ખટોદરા પોલીસ સ્ટેશનમાં બિપિન ચૌહાણ, મુલાયમ ચૌહાણ તથા પ્રદીપ ચૌહાણ (તમામ રહે- લેબર કોલોની ડાયમડ બુર્સ, ખજોદ) ની સામે ફરિયાદ નોંધાવી હતી. ગઇકાલે સાંજે ડાયમંડ બુર્સ બિલ્ડિંગની સાઇટ પર અલગ અલગ જગ્યાએથી આરોપીઓએ લેબર નામે કોપરનાવાયરો આશરે 210 કિલો જેની બજાર કિંમત રૂપિયા 1.47 લાખ થાય છે તે ચોરી કર્યા હતાં. આ ચોરીના વાયર વેચવા માટે લઇ જતી વખતે તેઓ પકડાઇ ગયા હતાં.

લોન્ડ્રીનું કામ કરતા આધેડનો ટીબી સહિતની બિમારીથી કંટાળી આપઘાત

સુરતઃ લાલદરવાજા ખાતે દેવરત્ન એપાર્ટમેન્ટમાં રહેતા 54 વર્ષીય પ્રમોદકુમાર જમનાદાસ ચૌહાણ લોન્ડ્રીની દુકાન ધરાવે છે. પ્રમોદકુમારે ગત 23 તારીખે સાંજે ગાંધી બાગ પાસે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. બાદમાં આ અંગે તેમના પુત્રને ફોન કરીને જાણ કરી હતી. પુત્ર વિરાજ ગાંધીબાગ પાસે દોડી ગયો હતો. જ્યાંથી પિતાને ખાનગી હોસ્પિટલમાં લઇ ગયો હતો. જ્યાં ગઇકાલે સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. અઠવા પોલીસે આ અંગે પૂછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, પ્રમોદભાઇ ટીબી સહિત ઘણી બિમારીઓથી પીડાતા હતા. જેનાથી કંટાળી તેમને અંતિમ પગલું ભર્યું હોવાની શક્યતા સેવાઇ રહી છે. તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે.

સેવા ગ્રુપ દ્વારા નિરાધાર લોકોને અનાજની કિટ વિતરણ, મનોરંજન-ભોજન કરાવાયું

સુરત : સેવા ગ્રુપના ફાઉન્ડર પ્રેસિડેન્ટ ગીતા પુજારા અને તેમના ગ્રુપના મેમ્બર્સ દ્વારા કંચનમાં માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ કે જ્યાં રસ્તે ભટકતા નિરાધાર લોકોને આશરો આપવામાં આવે છે ત્યાં તા. 26/09/2021ના રોજ મુલાકાત લઈ સંસ્થાને જરૂરી વસ્તુ જેવી કે તેલના ડબ્બા, અનાજ, દાળ,ચોખા, શાકભાજી વિગેરે અપાયા હતા. અને નિરાધાર ગરીબ લોકોને સંગીત, યોગા, ડાન્સ સાથે મનોરંજન કરાવી નાસ્તો અને કેક કાપી ખુબજ આનંદ કરાવ્યો હતો.સેવા ગ્રુપ સમાજના ગરીબ, નિરાધાર અનાથને મદદરૂપ થવાની ભાવના રાખે છે.

હર્ષ સંઘવી ગૃહમંત્રી બન્યાના 10 દિવસમાં જ સુરત મનપાને SRPની ટીમ મળી ગઇ

મનપાની દબાણ હટાવ, ડિમોલિશન સહિતની કામગીરીમાં પોલીસતંત્ર પર આધાર રાખવો પડતો હોવાથી પાંચ વર્ષથી એસઆરપીની માંગણી થઇ રહી હતી

સુરતઃ સુરત શહેર વિસ્તારમાં મહાનગરપાલિકા દ્વારા દબાણ હટાવવાની કામગીરી, ગેરકાયદેસર કબજાઓ દૂર કરવા તેમજ રખડતાં ઢોરને પકડવા જેવી વિવિધ પ્રકારની કામગીરી કરવામાં આવે છે. આ કામગીરી માટે સિક્યિરિટી ગાર્ડને સાથે રાખવામાં આવે છે. આવી કામગીરી વખતે છાશવારે લોકો સાથે સ્ટાફને ઘર્ષણમાં ઉતરવું પડે છે. અનેક વખત તો મનપાના કર્મચારીઓ પર ગંભીર હુમલાઓ પણ થયા છે. મનપા દ્વારા આવી કામગીરીઓ માટે પોલીસતંત્ર દ્વારા મળતા બંદોબસ્ત પર નિર્ભર રહેવુ પડતું હતુ તેથી છેલ્લા પાંચ વર્ષથી સુરત મનપાને એસઆરપી ટુકડી ફાળવવા માંગણી કરવામાં આવી રહી હતી પરંતુ એક યા બીજા કારણોસર આ માંગણી પુરી થતી ન હતી. પરંતુ મજુરાના ધારાસભ્ય હર્ષ સંઘવી ગૃહ રાજ્ય મંત્રી તરીકે પદભાર સંભાળતાના 10 જ દિવસમાં સુરત મનપાને એસઆરપી ટુકડીની ફાળવણી કરી દેવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાને સુરક્ષા સંદર્ભેની કામગીરી માટે પહેલી વખત એસઆરપી જવાનોની ટુકડી ફાળવવામાં આવી છે. વધુમાં, સુરત મહાનગરપાલિકાને ફાળવવામાં આવેલી એસઆરપી ની ટુકડી સુરત ખાતે પહોંચી ગઈ છે. સુરત મહાનગરપાલિકાને એસઆરપી ટુકડી ફાળવવાથી વિવિધ પ્રકારની કામગીરી જેવી કે ભિક્ષુકમુક્ત, રખડતાં ઢોર મુક્ત, દબાણ હટાવવાની કામગીરી, ગેરકાયદેસર કબ્જા દુર કરવા જેવી વિવિધ કામગીરી આસાનીથી થઈ શકશે તેવુ મનપા કમિશ્નર બંછાનીધી પાનીએ જણાવ્યું હતું.

દિલ્લી એનસીબીનો સુરતમાં રેલો : વેસુમાં બર્ગર શોપ ચલાવતા કારખાનેદારનો પુત્ર નશીલા પદાર્થ વેચવા માંડ્યો

આરોપીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી હાઇબ્રિડ ગાંજો તથા અન્ય નાર્કોટીક્સ ડ્રગ્સ મંગાવતા હતા.

આરોપીઓને ત્યાંથી કબજે કરેલો મુદ્દામાલ

- » હાઇબ્રિડ ગાંજો બે કિલો
- » એલએસડી ડ્રગ્સ - 286 સ્લોટસ
- » નાર્કોટીક્સના ઘટકોની હાજરી ટેબ્લેટ્સ એક્સ્ટાઇસ 363 નંગ
- » ચરસ આશરે 100 ગ્રામ

સુરતઃ શુક્રવારે રાત્રે દિલ્લી એનસીબીએ સુરતમાં ધામા નાખી રાંદેરમાં રહેતા અને વેસુમાં બર્ગર શોપ ચલાવતા દંપત્તિને નશીલા પદાર્થો વેચવાના ગુનામાં અટકાયત કરી લઈ ગયા હતા.

અડાજણ એલપી સવાણી રોડ પર નક્ષત્ર એપાર્ટમેન્ટમાં કૃણાલ હેમંતભાઈ ગોળવાલા (ઉ.વ.36) અને તેમની પત્ની દિક્ષિતા (ઉ.વ.31) વેસુ વીઆઈપી રોડ પર ટાઈમ્સ કોર્નરમાં બર્ગર કોર્નર ચલાવે છે. પતિ-પત્ની દ્વારા છેલ્લા છ મહિનાથી હાઈબ્રિડ ગાંજો, ચરસ સહિતના નશીલા પદાર્થો વેચતા હતા. દિલ્લી એનસીબી દ્વારા ગઈકાલે રાત્રે તેમના ઘરે અને દુકાને રેઈડ કરવામાં આવી હતી.

એસઓજીની મદદ લઈને આરોપીઓને ત્યાં થયેલી રેઈડમાં ભારે નશીલા પદાર્થો મળ્યા હતા. એનસીબી દ્વારા દિલ્લીમાં પકડાયેલા આરોપીની પુછપરછમાં સુરતના આ દંપત્તિનું નામ ખુલ્યું હતું. જેના આધારે એનસીબીનો રેલો સુરત પહોંચ્યો હતો. આરોપીઓ સોશિયલ મીડિયાના માધ્યમથી હાઈબ્રિડ ગાંજો તથા અન્ય નાર્કોટીક્સ ડ્રગ્સ મંગાવતા હતા. બંને આરોપીઓની દિલ્લી એનસીબી દ્વારા અટક કરવામાં આવી હતી. અને કોર્ટમાંથી ટ્રાન્ઝીઝ રીમાન્ડ મેળવી દિલ્લી લઈ જવાયા હતા.

પાંડેસરામાં લગ્નના એક વર્ષમાં જ પરિણીતાનો આપઘાત

સુરતઃ શહેરના પાંડેસરા પોલીસમથકની હદમાં આત્મહત્યાનો વધુ એક ગુનો નોંધાતા પોલીસે જાણવાજોગ નોંધ કરી વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર શહેરના પાંડેસરા સ્થિત ગણપતનગરમાં રહેતી 25 વર્ષીય રેનુ અખીલેશ ગૌતમે ગઈકાલે રાત્રે પોતાના ઘરમાં દિવાલ સાથે આવેલા સળિયા સાથે ખાટલામાં બાંધવાની પ્લાસ્ટિકની પટ્ટી બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. ઘટનાની જાણ થતાં પાંડેસરા પોલીસે તપાસ કરતાં રેનુના એક વર્ષ પહેલા જ લગ્ન થયા હતા. પતિ મોબાઈલ કવરની લારી લગાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. જો તેને પરીણિતા સાથે કોઈ વિવાદ નહીં હતો. પરીણિતાએ અંતિમ પગલું કેમ ભર્યું તે અંગે પોલીસે વધારે તપાસ હાથ ધરી છે.

સાયણ આદર્શ નગર 2-3માં વધુ 29 લોકોને ઝાડા ઉલટી: બાળકનું મોત

ત્રણ દિવસમાં દર્દીઓનો આંકડો 150 નજીક પહોંચી ગયો છતાં રોગચાળો કાબુ કરવામાં તંત્ર નિષ્ફળ

24 દર્દીને રજા અપાઈ, હજુ 116 સારવાર હેઠળ, કેટલાકની ઘરે સારવાર: આદર્શ નગર-3માં પાંચ વર્ષના બાળકે જીવ ગુમાવ્યો

સાયણ સીએચસીમાં 33 દર્દીની સારવાર માટે માત્ર એક ડોક્ટર-બે નર્સ

સાયણના આદર્શ નગરમાં ઝાડા-ઉલટીના કેસનો આંકડો ૧૫૦ નજીક પહોંચી ગયો છે અને રવિવારના રોજ બપોર સુધીમાં સાયણ સીએચસીમાં ઝાડા ઉલટીના ૩૧ દર્દી મળી ટોટલ 33 દર્દી દાખલ હોવા છતાં માત્ર એક મેડિકલ ઓફિસર અને બે નર્સને ભરોસે રહેતા આરોગ્ય વિભાગની બેદરકારી જોવા મળી હતી. બપોરે રજુઆત બાદ સ્ટાફમાં વધારો કર્યો હતો.

દેલાડઃ સાયણમાં પીવાના પાણીનું શુદ્ધિકરણ સાથે ગંદકીને લઈ મચ્છરના ઉપદ્રવ પર નિયંત્રણ મેળવાની આરોગ્ય લક્ષી કામગીરીના અભાવના કારણે આદર્શ નગર-૨ અને ૩માં રવિવારના રોજ વધુ ૨૯ વ્યક્તિને ઝાડ-ઉલટીના થતાં દર્દીનો આંકડો ૧૫૦ નજીક પહોંચી ગયો છે, જેમાં અત્યાર સુધીમાં ૨૪ દર્દીને ડિસ્ચાર્જ કરાયા છે, જ્યારે એક પાંચ વર્ષીય બાળકનું સારવાર દરમ્યાન મોત નીપજ્યું હતું. બે દિવસથી આરોગ્યલક્ષી કામગીરી કરવામાં આવી રહી છે છતાં રોગચાળા પર કાબુ નહીં આવતા આસપાસ વિસ્તારના લોકોમાં ગભરાટ ફેલાયો છે. આદર્શ નગર-૩માં રહેતા કમલેશકુમાર શ્રીપિલ્લરના પુત્ર અમન કુમાર (ઉંમર વર્ષ ૫)ને બે દિવસથી ઝાડા ઉલટી થતાં હતા. સવારના સાતેક વાગ્યે ઉલટી થતાં તેને સારવાર માટે સાયણ સરકારી દવાખાનામાં લઇ ગયા હતા, જ્યાં માસુમ બાળકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. સાયણ ગામના આદર્શનગર ૨ અને ૩ના છેલ્લા ત્રણ દિવસના ઝાડા-ઉલટીના કેસમાં વધારો થઈ રહ્યો છે. સાયણ જનરલ હોસ્પિટલમાં દાખલ ૪૭ દર્દીમાંથી ૮ ડિસ્ચાર્જ થતાં ૩૯ સારવાર હેઠળ છે. સાયણ સીએચસીમાં ૪૧ દર્દીમાંથી ૧૦ ડિસ્ચાર્જ થતાં ૩૧ સારવાર હેઠળ છે. જીવનરક્ષા હોસ્પિટલમાં ૫૦ દર્દીમાંથી ૬ ડિસ્ચાર્જ થતાં ૪૪ સારવાર હેઠળ છે. સુરત સિવિલ હોસ્પિટલમાં ૨ દર્દી મળી ૧૪૦ દર્દીમાંથી ૨૪ દર્દીને રજા આપતા ૧૧૬ દર્દીઓ સારવાર અપાઈ રહી છે. આરોગ્ય વિભાગ દ્વારા આદર્શ નગર-૩માં ઓપીડી ચાલું કરાતાં દર્દીઓને ઘરે પણ સારવાર અપાઈ રહી છે.

પુત્રનો મિત્ર જ વ્યાજખોર નીકળ્યો, 1.40 લાખ આપી દીધા છતાં 1.20 લાખની ઉઘરાણી કરી

કાપોદ્રામાં પાનનો ગલ્લો ચલાવતાં આધેડે પુત્રના મિત્ર પાસેથી વગર વ્યાજે નાણા લીધા પણ બાદમાં મિત્રએ વ્યાજની માંગ કરી

સુરતઃ શહેરના કાપોદ્રા વિસ્તારમાં રહેતા અને પાનનો ગલ્લો ચલાવતા આધેડે પુત્રના મિત્ર પાસેથી 1.20 લાખ વગર વ્યાજે લીધા હતા. પરંતુ બાદમાં મિત્રએ વ્યાજની માંગણી કરતા 1.40 લાખ રૂપિયા ચૂકવ્યા હતા. છતાં 1.20 લાખની માંગણી કરી ગાળો આપતા અંતે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

ઉત્રાણ ખાતે શિવાંત હાઈટ્સમાં રહેતા 51 વર્ષીય દિનેશભાઈ ખીમજીભાઈ વેકરીયા (પટેલ) નાના વરાછામાં પાનનો ગલ્લો ચલાવે છે. દિનેશભાઈનો નાનો દિકરો કિશન અને ગોપાલ ભરવાડ સ્કુલમાં સાથે અભ્યાસ કરે છે. અને વર્ષોથી એકબીજાને ઓળખતા હોવાથી ગોપાલ ઘણી વખત ઘરે આવતો હતો. એક વખત ગોપાલે દિનેશભાઈને કાકા ક્યારેક પૈસાની જરૂર હોય તો કહેજો હું વ્યવસ્થા કરી આપીશ. તેવું કહ્યું હતું. કોરોના બાદ ધંધો ઠપ થતા દિનેશભાઈએ ગોપાલને વાત કરી હતી. ગોપાલે 18 ઓગસ્ટ 2020 ના રોજ 20 હજાર રૂપિયા આપ્યા હતા. પરંતુ આ રકમ દિનેશભાઈએ ધીમે ધીમે 10 ટકા પ્રમાણે આપવાનું કહ્યું હતું. ત્યારબાદ પણ બીજા પૈસાની જરૂર પડતા 1 લાખ રૂપિયા લીધા હતા. દર મહિને 12 હજાર રૂપિયા દિનેશભાઈ ગોપાલને આપતા હતા. 10 મહિનામાં બધા પૈસા આપી દીધા પછી ગોપાલે તમે આતો 10 ટકા લેખે ફક્ત વ્યાજ આપ્યું છે. તેમ કહીને પૈસાની માંગણી કરી હતી. બીજા 20 હજાર આપીને કુલ 1.40 લાખ ચુકતે કર્યા હતા. ત્યારબાદ ગોપાલના પિતા દુકાને આવીને ગાળો આપીને પૈસાની માંગણી કરતા અંતે દિનેશભાઈએ કાપોદ્રા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.